# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-07-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## 'કૃષિ કન્ટીજન્સી પ્લાન':

કચ્છ જિલ્લામાં જુલાઈ માસ અડધો વીતવા છતાં વાવણીલાયક વરસાદ ન થતાં ખેતી અને પશુપાલન ક્ષેત્રે ચિંતાના વાદળો ઘેરાયા છે. જિલ્લામાં અત્યાર સુધી સરેરાશના માંડ ૨ ટકા વરસાદ નોંધાયો છે અને છ તાલુકા હજુ પણ વરસાદ વિહોણા છે. સુપર અલ નીનોના સર્વાધિક જોખમ ધરાવતા દેશના ૧૯૭ જિલ્લાઓમાં કચ્છનો સમાવેશ થતો હોવાથી, વહીવટી તંત્ર દ્વારા ખાસ 'કૃષિ કન્ટીજન્સી પ્લાન' તૈયાર કરવામાં આવી રહ્યો છે.

જો ચાલુ માસના અંત સુધી વરસાદ નહીં પડે તો પાક વાવવાની પદ્ધતિ બદલવામાં આવશે. કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને ઓછા વરસાદમાં થઈ શકે તેવા પાકો વાવવાની સલાહ આપી છે. ચારાની અછતને પહોંચી વળવા મકાઈ અને જુવાર જેવા પાકોના વાવેતર પર ભાર મુકાઈ રહ્યો છે. આ ઉપરાંત, ઘાસચારાના સંકટને પહોંચી વળવા રાહત કમિશનર સમક્ષ છ કરોડ કિલો ઘાસની ફાળવણી માટે દરખાસ્ત પણ કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------------

## જિલ્લા પવનની ઝડપ:

કચ્છ જિલ્લામાં વરસાદના વિરામ વચ્ચે છેલ્લા ચાર દિવસથી ભારે પવન ફૂંકાઈ રહ્યો છે, જે આગામી બે દિવસ પણ યથાવત્ રહેશે તેવી હવામાન વિભાગની આગાહી છે. ભુજ, ગાંધીધામ, મુંદરા અને અંજાર સહિતના વિસ્તારોમાં ૨૫ થી ૩૦ કિ.મી. તથા દરિયાઈ તેમજ રણકાંધીના વિસ્તારોમાં ૩૫ થી ૪૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતાં વ્યાપક ધૂળની ડમરીઓ ઊડી હતી, જેનાથી વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન થયા હતા. જખૌ કાંઠે

દરિયામાં ઊંચા મોજાં ઉછળ્યાં હતા, જ્યારે કેટલાક સ્થળે વૃક્ષો ધરાશાયી થયા છે. ભારે પવનથી કપાસ અને મગફળીના પાકને નુકસાન થવાની ભીતિ ખેડૂતોએ વ્યક્ત કરી છે. વધુમાં, પવનના કારણે વીજતંત્ર ખોરવાતાં શનિવારે એક જ દિવસમાં ૧૬૬૯ વીજ ફરિયાદો નોંધાઈ હતી. હવામાન નિષ્ણાતોના મતે પવનની ગતિ ઘટ્યા બાદ જ ચોમાસું ફરી સક્રિય થશે.

-----------------------------------------------------------------------------------------

## કચ્છ કલા મહાકુંભ:

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ પ્રેરિત તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, કચ્છ-ભુજ દ્વારા સંચાલિત "કલા મહાકુંભ- ૨૦૨૬-૨૭" નું આયોજન થનાર છે. આ સ્પર્ધા ૬ થી ૧૪, ૧૫ થી ૨૦, ૨૧ થી ૫૯ અને ૬૦ વર્ષથી ઉપરના એમ કુલ ચાર વયજૂથમાં યોજાશે.

આ વર્ષે કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં ગરબા, લોકનૃત્ય, વકતૃત્વ, કાવ્ય લેખન અને શાસ્ત્રીય સંગીત જેવી કલાઓનો સમાવેશ થાય છે. શાળાઓ, કોલેજો, વિવિધ સંસ્થાઓ તેમજ અન્ય તમામ કલાકારો ૫ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ફોર્મ ભરી શકશે. રસ ધરાવતા કલાકારોએ રૂમ નં.૪૧૧, ત્રીજો માળ, બહુમાળી ભવન, ભુજ ખાતેથી નિયત પ્રવેશપત્ર મેળવી, જરૂરી દસ્તાવેજો સાથે ફોર્મ કચેરી સમયે જમા કરાવવાનું રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી, કચ્છ-ભુજ દ્વારા જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------------

## મિશન ફોર કોટન પ્રોડક્વિટી :

ભારત સરકાર દ્વારા દેશમાં કપાસનું ઉત્પાદન વધારવા અને આયાત ઘટાડવા માટે 'મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી' અમલમાં મૂકવામાં આવ્યું છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે ગુજરાતને રૂ. ૧૩૪.૮૦ કરોડનું બજેટ મંજૂર કરાયું છે, જેનો લાભ કચ્છ સહિત રાજ્યના પસંદગીના ૨૧ જિલ્લાના એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારને મળશે.

આ મિશન અંતર્ગત આધુનિક ટેકનોલોજી અપનાવવા માટે ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. ૧૪,૦૦૦ થી રૂ. ૨૭,૦૦૦ સુધીની ઈનપુટ સહાય આપવામાં આવશે. યોજનાનો લાભ લેવા માટે આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જેની છેલ્લી તારીખ ૨૪ જુલાઈ ૨૦૨૬ છે. લાભાર્થી ખેડૂતો માટે પ્રમાણિત બીટી કપાસનું વાવેતર અને ફાર્મર રજીસ્ટ્રી કરાવેલી હોવી ફરજિયાત છે.

---

## ચર્મ શિલ્પ કળાના કલાકારને પદવી:

સાડા ત્રણ દાયકાથી કચ્છની પરંપરાગત ચર્મ શિલ્પ કળાના સંરક્ષણ અને પ્રચારમાં કાર્યરત જાણીતા શિલ્પકાર શ્રી અંચલ પી. બિજલાનીને કાનપુરની છત્રપતિ શાહુ જી મહારાજ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક જગતની સર્વોચ્ચ ગણાતી 'ડૉક્ટર ઓફ લેટર્સ' ની માનદ પદવીથી સન્માનિત કરવામાં આવ્યા છે.

મૂળ સુમરાસરના અને વર્ષ ૨૦૧૯માં ગુજરાત સરકારના 'સ્ટેટ એવોર્ડ'થી સન્માનિત શ્રી બિજલાની મશીન યુગમાં પણ હાથના સાધનોથી ઉત્કૃષ્ટ ચર્મ વસ્તુઓ બનાવે છે. તેમણે અને તેમના પત્ની શારદાબેને ૫૦ થી વધુ ગ્રામીણ મહિલાઓ અને યુવાનોને તાલીમ આપી આત્મનિર્ભર બનાવ્યા છે. તેમની આ શિલ્પ કળા અને સામાજિક યોગદાનની કદરરૂપે આ પ્રતિષ્ઠિત પદવી એનાયત કરાઇ છે.

---

## લખપત તાલુકા પંચાયત:

લખપત તાલુકા પંચાયતની કારોબારી અને સામાજિક ન્યાય સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી, જેમાં બંને સમિતિના નવા ચેરમેનોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

કારોબારી સમિતિના ચેરમેન પદે પુષ્પાબેન લીંબાણીની વરણી માટે રાજેશગર ગુંસાઇએ દરખાસ્ત રજૂ કરી હતી, જેને રતુબેન મારાજે ટેકો આપ્યો હતો. જ્યારે સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે જેઠાભાઇ મહેશ્વરીના નામની દરખાસ્ત માધાભાઇ રાઠોડે મૂકી હતી,

**જેને ગંગાબેન બલિયાએ ટેકો આપ્યો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને અન્ય સ્થાનિક આગેવાનોએ બંને નવનિયુક્ત ચેરમેનોને ઉજ્જવળ કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવી હતી.**

**---------------------------------------------------------------------------------------------**